દિવ્ય ભાસ્કર
રંગત
બુધવાર
24 મે, 2017

02

બગાવત
કુલભૂષણ અને કન્હૈયા માટે આઝાદીનો અર્થ જુદો છે

08

ચિંતનની પળે
તું કોઈનું સારું જોઈને કેમ રાજી થતો નથી?

જેનેરિક દવાઓ: અભિગમ ઉત્તમ, પણ અમલની મુશ્કેલી

તડ ને ફડ
નગીનદાસ સંઘવી

આમ જનતાની આરોગ્ય સેવામાં ધરમૂળથી પરિવર્તન થાય તેવી જનૌષધી પરિયોજનાની જાહેરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરતમાં કરી તેને સવા મહિનો થવા આવ્યો છે, પણ તે બાબતમાં જરૂરી ચર્ચા ગુજરાતમાં થઈ નથી, પણ દાક્તરો, દાક્તરીમંડળો, આરોગ્ય સેવાકાર્ય કરનાર કર્મશીલો, દવાનાં ઉત્પાદકો અને દવા વેચનાર વેપારીઓ નરેન્દ્ર મોદીની જાહેરાતથી ચોંકી ગયા છે અને થોડા ગભરાયા પણ છે.

સામાન્ય રીતે દર્દીઓ દાક્તર પાસે જાય ત્યારે દાક્તરો તેને દવાનાં નામ લખી આપે અને આ દવાઓ બાંધેલા ભાવે વેપારીઓ પાસેથી ખરીદ કરવામાં આવે, પણ દાક્તરોને ભણવામાં જે દવાનાં નામો શીખવવામાં આવે છે તેને જેનેરિક દવા કહેવાય છે, તે દવા દાક્તર લખતા નથી. આ દવામાંથી સગવડરૂપ ટીકડી, ગોળી કે પ્રવાહી બનાવીને તેમાં થોડાં રૂપ, રંગ કે સ્વાદનું ઉમેરણ કરીને પોતાના બ્રાન્ડના નામે વેચનારી કંપનીઓની દવાઓ જ લખાય છે અને વેચાય છે. મૂળ દવાઓ-જેનેરિક દવાઓનાં નામ આખી દુનિયામાં સરખાં જ રાખવામાં આવ્યાં છે અને વૈજ્ઞાનિક ચોક્સાઈવાળી પરિભાષામાં લખાતાં હોવાથી તેમને યાદ રાખવાં-બોલવાનું કામ થોડું અઘરું છે. મૂળ જેનેરિક દવા પેરાસિટામોલ છે. તે બજારમાં જુદી જુદી કંપનીઓ, ક્રોસીન કે કાલ મોલ કે પેસી મોલના નામે વેચે છે. નામ જુદાં છે, દવા એક જ છે.

પોતે બનાવેલી બ્રાન્ડની દવા જ દાક્તર લખે તે માટે દવા બનાવનાર કંપનીઓ પોતાના પ્રતિનિધિઓની મોટી ફોજ રાખીને દાક્તરોને રૂબરૂ મળીને પ્રચાર કરે છે. દાક્તરોને નાની-મોટી ભેટસોગાદ આપે છે. મોટા દાક્તરોને મોંઘી ભેટ-મોટરગાડી કે બંગલાઓ આપવામાં આવે છે. કોન્ફરન્સ જેવા રૂપકડા નામે દાક્તરોને સહકુટુંબ વિદેશોમાં મફત સહેલગાહ કરાવવામાં આવે છે. ટૂંકમાં, ગાંધી-વૈદનો સહિયારો ધંધો આજે પણ ચાલે છે. માત્ર ગાંધીની જગા દવા કંપનીએ લીધી છે. ભારતમાં આવી ત્રીસેક હજાર જેટલી કંપનીઓ છે અને દવાના વેચાણ-ખરીદીમાં દર વર્ષે 1,00,000 કરોડ રૂપિયાની ઊથલપાથલ થાય છે. દવા બનાવનાર કંપનીઓ દાક્તર પર જાદુ ચલાવે છે તેમ દવા વેચનાર વેપારીઓને પણ તગડું કમિશન અપાય છે. સરેરાશ લગભગ 30 ટકા જેટલું કમિશન અપાતું હોવાનો અડસટ્ટો બાંધવામાં આવ્યો છે.

દવા બજારમાં ચાલી રહેલી ઉઘાડી લૂંટ અટકાવવા માટે નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી છે કે ભાજપ સરકાર થોડા વખતમાં કાયદો કરીને દાક્તરોએ પોતે જે ભણ્યા છે તે જેનેરિક દવાઓનાં નામ જ લખવાં પડશે. ક્રોસીન નહીં લખાય. પેરાસિટામોલ જ લખી આપવું પડશે અને દાક્તરી ધંધાની રખેવાળી કરનાર મેડિકલ કાઉન્સીલે ચોખવટ કરી છે કે દાક્તરોએ આ નામ સ્પષ્ટ, વાંચી શકાય તેવા અને અંગ્રેજી બારાખડીના કેપિટલ અક્ષરોમાં જ લખવાં પડશે.

નરેન્દ્ર મોદી અને મેડિકલ કાઉન્સિલ બંને જેનેરિક નામ લખવાનું ફરજિયાત બનાવવા માગે છે. તેનું એક કારણ એ છે કે, જેનેરિક દવાઓ અતિશય સસ્તી છે. એક ગણતરી એવી મૂકવામાં આવી છે કે પચાસ પૈસા કે એક રૂપિયામાં બનતી જેનેરિક દવાને રૂપકડી બનાવીને દવા કંપનીઓ 10 રૂપિયાથી માંડીને 30 રૂપિયા સુધીમાં વેચે છે. દવા કંપનીઓએ ચલાવેલી આ લૂંટમાં પોતાની કંપનીનું નામ લખનાર દાક્તરો અને પોતાની દવા વેચનાર વેપારીઓનો હિસ્સો હોય છે. જેનેરિક નામ લખવામાં આવે તો કંપનીના નામની ઈજારાશાહી ખતમ થઈ જાય અને દર્દી સૌથી સસ્તી કિંમતે મળે તે દવા ખરીદી શકે.

દવા બજારમાં ચાલી રહેલી ઉઘાડી લૂંટ અટકાવવા માટે નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી છે કે સરકાર થોડા વખતમાં કાયદો કરીને દાક્તરોએ પોતે જે ભણ્યા છે તે જેનેરિક દવાઓનાં નામ જ લખવાં પડશે

આ પગલાની ચર્ચા છેલ્લાં દસેક વર્ષથી ચાલે છે અને વડાપ્રધાન ડો. મનમોહન સિંહે પણ તેનો ઊહાપોહ કરેલો. નરેન્દ્ર મોદી તેનો અમલ કરવાના છે તે તેમની વિશેષતા છે, પણ આ કામ થોડું અઘરું છે અને સમજવા જેવું છે. એક તો ભારતમાં જે દવાઓ વેચાય છે અને બનાવાય છે તેમાં 90 ટકા બ્રાન્ડ દવાઓ છે. જેનેરિક દવાઓનું બજારુ વેચાણ 10 ટકા જેટલું છે. મોટાભાગની દવા કંપનીઓ જેનેરિક દવા બનાવનાર પેઢીઓ પાસેથી માલ ખરીદે છે અને તેને યોગ્ય માત્રામાં યોગ્ય રૂપે બનાવીને વેચે છે અને મોટાભાગે ડોઝની જાહેરાત કરવામાં આવે છે. બે-ચાર જેનેરિક દવાઓનું મિશ્રણ કરવાની જરૂર હોય તો મિશ્રણ પણ કરવામાં આવે છે. દાક્તરો માટે જેનેરિક દવા લખવાનું ફરજિયાત કરવામાં આવે તો આ દવાનો ડોઝ દર્દીએ ઠરાવવો પડે અને બે-ચાર મૂળ દવાઓનાં નામ લખી આપે તે બધી દવાઓ લાવીને તેને દાક્તરે કહેલા પ્રમાણમાં ભેળવીને તેનો ઉપયોગ દર્દીએ કરવો પડે. આયુર્વેદના જૂના વૈદોની જુદી જુદી પડીકીઓનો જેને અનુભવ હશે તે આ વાત સહેલાઈથી સમજી શકશે, કારણ કે આયુર્વેદમાં હંમેશાં મૂળ ઔષધીઓ-જેનેરિક ઔષધીઓનાં નામ વાપરવામાં આવે છે. નવા જમાના પ્રમાણે આયુર્વેદનાં ઔષધો પણ હવે બ્રાન્ડના નામે વેચાવા લાગ્યાં છે.

જેનેરિક દવા એટલે શું? કોઈ પણ રોગના ઉપચાર માટે નવી નવી દવાઓની શોધખોળ સતત ચાલતી રહે છે. આવી શોધખોળમાં વર્ષો લાગી જાય છે. તેના પ્રયોગોમાં ઘણો ખર્ચ પણ થાય છે, તેથી દવા શોધનાર હંમેશાં પેટન્ટ લેતો હોય છે. આ દવા બનાવવી હોય, વાપરવી હોય તો મૂળ શોધકને ઠરાવેલી મોટી રકમ આપવી પડે. દવાની કિંમત નથી, શોધખોળ અને તેમાં થનાર ખર્ચના આધારે રકમ ઠરાવવામાં આવે છે. નવી શોધાયેલી દવાઓ હંમેશાં અતિશય મોંઘી હોય છે, પણ પેટન્ટની મુદત પૂરી થાય પછી આ દવા કોઈ પણ બનાવી શકે છે તેને જેનેરિક દવા કહેવાય છે અને પેટન્ટની રકમ ચૂકવવાની હોતી નથી, તેથી જેનેરિક દવાઓ અતિશય સસ્તી, પાણીના મૂલે ખરીદી-વેચી શકાય છે.

ભારતમાં દવા બનાવનાર કંપનીઓ છે તેમાં જેનેરિક દવા બનાવનાર ઓછા છે અને મોટાભાગની કંપનીઓ બ્રાન્ડેડ દવા જ બનાવે છે. જેનેરિક દવા બનાવનાર કંપનીઓ નાની હોવાથી તેમની બનાવટોની સરકારી ધોરણે ચકાસણી થતી નથી. તેમણે બનાવેલી જેનેરિક દવાની ગુણવત્તા અંગે ઘણી ચર્ચાઓ ચાલે છે. બ્રાન્ડેડ દવા બનાવનાર કંપનીઓ પર સરકારે સખત અને સજાગ નિયંત્રણો રાખ્યાં હોવાથી તેમની ગુણવત્તા અંગે શંકા રાખવાનું કારણ નથી. વાત વધારે સહેલાઈથી સમજવી હોય તો વૈદોએ આપેલાં ઔષધો અને દાક્તરે આપેલી દવાઓ વચ્ચેનો તફાવત સમજી લેવો.

નરેન્દ્ર મોદીએ અપનાવેલ અભિગમના આદર્શ અને ઉદ્દેશ અંગે કશો મતભેદ નથી, પણ જેનેરિક દવાઓ લખી આપવાનું ફરજિયાત બનાવવામાં આવે તો તેના પરિણામની ચર્ચા થયા કરે છે. દાક્તરે જેનેરિક દવા લખવી પડે તો કોઈ કંપની તેને લાભ કે લાલચ આપે નહીં. દાક્તરી ધંધામાં પ્રામાણિકતાનું પ્રમાણ વધે અને દર્દીઓએ નાહકની દવાઓ ખાવી ન પડે. કોઈ પણ દવા હંમેશાં થોડું ઝાઝું નુકસાન તો કરે જ છે, પણ વધારે મોટા રોગમાંથી બચવા માટે થોડું નુકસાન વેઠવું પડે છે. દાક્તરો પણ દવાની આડઅસર અંગે પોતાના દર્દીઓને ચેતવણી આપતા જ હોય છે અને આડેધડ દવાઓ વાપરવાનું કોઈ સારો દાક્તર પસંદ કરતો નથી. ઓછામાં ઓછી દવા, ઓછામાં ઓછા સમય માટે આપવાનો નિયમ લગભગ બધા દાક્તરો પાળે છે. દર્દીએ જાતે દવાઓ ઠરાવવી નહીં અને વાપરવી નહીં.

પોતે લખી આપેલી જેનેરિક દવા અમુક કંપનીની બ્રાન્ડેડ

અનુસંધાન છઠ્ઠા પાને

સામાન્યજન માટે ત્યાગ મુશ્કેલ કેમ હોય છે?

જાપાનની રાજકુમારી રોયલ સ્ટેટસનો ત્યાગ પ્રેમ માટે કરે છે. રાજકુમારી માટે ત્યાગ સરળ છે. ધનવાન માટે ત્યાગ સરળ છે. પૃથકજન માટે અઘરો છે

વિહાર
કાના બાંટવા

છોડવું, ત્યાગવું બહુ મુશ્કેલ છે. ગુમાવવું સહેલું છે. કશું ન હોય અને વધુની કામના ન કરવી સહેલી છે. જે છે તેનાથી સંતોષ માનવો સહેલો છે, પણ પોતાની પાસે જે છે તેને પોતાની ઈચ્છાથી તજી દેવું મુશ્કેલ કામ છે. બધું જ ત્યાગી દેવું અને થોડું ત્યાગવું તેમાં પણ અંતર છે. સાધુઓ ધન-દોલત, પરિવાર, સંબંધો, માયા બધું છોડી દેતા હોય છે. સંસાર છોડી દેતા હોય છે, પણ બધા સાધુઓ ત્યાગી નથી હોતા. ભગવા કે સફેદ વસ્ત્રો પહેર્યાં પછી પણ ભૌતિક પદાર્થોથી બધા અલિપ્ત રહી શકતા નથી. કોઈ મોહ છોડે છે તો માયા નથી છોડી શકતા. કોઈ માયા છોડે છે તો અહમ્ નથી છોડી શકતા. કોઈ પદ છોડે છે તો કોઈ પ્રતિષ્ઠા નથી છોડી શકતા. ખેર, આજનો લેખ સાધુઓ અંગેનો નથી, ત્યાગ અંગેનો છે, પણ આપણા મનમાં ત્યાગ અને સાધુ બંને શબ્દો એકબીજા સાથે જોડાયેલા જ રહે છે. ઘણી વખત એકબીજાના પર્યાયરૂપ લાગે.

ત્યાગ માત્ર સાધુઓ માટે નથી હોતો. તેના પર કોઈનો એકાધિકાર નથી. ત્યાગ બલિદાનથી દાન સુધી વિસ્તરેલી અમ્બ્રેલા ટર્મ છે. જાપાનની રાજકુમારી પોતાના બોયફ્રેન્ડ સાથે લગ્ન કરવા માટે શાહી દરજ્જો છોડી રહી છે. મોટાભાગના શાહી પરિવારોમાં નિયમ હોય છે કે પરિવારનાં સંતાનો અન્ય શાહી પરિવારનાં સંતાનો સાથે જ લગ્ન કરી શકે. જો સામાન્ય વ્યક્તિ સાથે લગ્ન કરે તો શાહી દરજ્જો સમાપ્ત કરવામાં આવે અને છતાંય, સંખ્યાબંધ શાહી પરિવારોનાં સંતાનો પોતાના પ્રેમ માટે રાજવી ઠાઠ છોડવા તૈયાર થઈ જાય છે. આપણા માટે આ અહોભાવભર્યા ન્યૂઝ છે. દોમ દોમ સાહ્યબી-વૈભવ-દોર-દમામ કોઈ છોડે ત્યારે સામાન્યજનને આશ્ચર્ય થાય છે. આવો વૈભવ કઈ રીતે છોડી શકાતો હશે? પૃથકજન માટે વૈભવ એ સપનું છે, આકાંક્ષા છે, મહાત્ત્વાકાંક્ષા છે, ધ્યેય છે. તેમના જીવનની દોડ એ ધ્યેયને પામવા માટેના એકમાત્ર ઉદ્દેશથી ચાલતી રહે છે. તેના જીવનની ધરી ધન-દોલત-વૈભવ-પદને પામવા માટેના પ્રયત્નો જ બની રહે છે. આખું જીવન એ ધરીની આસપાસ ઘૂમતું રહે અને સમયના કોઈ એક પડાવ પર એ ઘૂમવું અટકી જાય છે. એ અટકવાની ક્ષણ સુધીના અથાગ પ્રયત્નોનું ચાલકબળ પેલી આકાંક્ષા જ છે એટલે સામાન્યજન માટે ત્યાગ મુશ્કેલ છે. બહુ જ મુશ્કેલ છે. રાજપરિવાર માટે સરળ છે. ધનવાન વ્યક્તિ માટે સરળ છે. પદવાન વ્યક્તિ માટે સરળ છે. જેની પાસે ભરપૂર છે તે તમામ માટે ત્યાગ સરળ છે, કારણ કે તેઓ તેને ભરપૂર જીવ્યા છે. જાપાનની રાજકુમારી માકો માટે રાજવી દરજ્જો સામાન્ય બાબત છે. જન્મી ત્યારથી તે રાજસી ઠાઠ વચ્ચે ઉછરી છે. તે છોડી શકે. જેને ભોગવી જાણ્યું છે તે બધું છોડી શકાય. જેને નથી જાણ્યું અથવા અધૂરું માણ્યું છે તે છોડવું અઘરું છે. માણ્યા વિના જાણવું મુશ્કેલ છે અને જેને પૂરું જાણતા નથી તેને છોડી કેમ શકીએ? સામાન્ય માણસ વૈભવને પૂરો તો માણી શકતો જ નથી. વૈભવને માણવા અઠવાડિયું ફાઈવ સ્ટાર રિસોર્ટ કે ક્રૂઝમાં રહી આવે છે. ત્યાં રણની તરસથી એ સાહ્યબીને પીવે છે. સઘળી અતૃપ્તતાઓને પૂર્ણ કરવા માટે અધીરો થઈને ઝાવાં નાખે છે. એ પ્રયત્નોનો પણ સ્ટ્રેસ લે છે. વેકેશનના અંતે થાકીને ઘરે આવે છે અને ફરીથી એ જ જૂની ઘરેડમાં જોડાઈ જાય છે. ત્યારે પેલા વૈભવનો આસ્વાદ માત્ર સ્મૃતિરૂપે રહે છે, તૃપ્તિ રૂપે નહીં. સંતૃપ્તિનો ઓડકાર તેને આવતો નથી. ઘણું બાકી રહી જાય છે. અધૂરું રહી જાય છે. પૂરું માણી શકાયું નથી એનો ખટકો રહી જાય છે. એટલે પૃથકજન માટે ત્યાગવું મુશ્કેલ રહે છે. એવું નથી કે ત્યાગવું અશક્ય છે. અશક્ય નથી, મુશ્કેલ છે. ઘણા સામાન્ય માણસો પોતાનાથી બનતો ત્યાગ કરતા હોય છે. દાન કરતા હોય છે. ભગવાનનો ભાગ કાઢતા હોય છે. પોતાની ટૂંકી આવકમાંથી બીજાને મદદ કરતા હોય છે. આવા વિરલાઓ હોય છે દુનિયામાં, પણ વિરલ ઓછા હોય છે.

સામા પક્ષે જેની પાસે બહુ છે તેના માટે ત્યાગ આસાન છે. રાજકુમાર વર્ધમાન બધું ત્યાગીને મહાવીર બની શકે. રાજકુમાર સિદ્ધાર્થ બધું છોડીને બુદ્ધ બની શકે. સરળતાથી બની શકે. વિશ્વામિત્ર રાજામાંથી ઋષિ બની શકે. પુરાણકાળમાં વાનપ્રસ્થાશ્રમ હતો. માણસ વૃદ્ધાવસ્થામાં સંસાર છોડીને વનમાં જતો રહેતો, ઋષિ જીવન ગાળતો. વાનપ્રસ્થાશ્રમની વાતો પણ રાજાઓ અને ધનપતિઓની જ સાંભળવા મળે છે. સામાન્ય જન તો વૃદ્ધ થવા છતાં વૈતરું કરતો જ રહે છે. સામે, વાલિયો વાલ્મીકિ બની જાય છે. તેની પાસે અવલંબન તરીકે માત્ર તેનો પરિવાર હતો. વાલિયાને જગતમાં માત્ર પોતાના પરિવાર પ્રત્યે જ લગાવ હતો. કદાચ જવાબદારીમાંથી જન્મેલો લગાવ હશે અને એ તંતુ તૂટવો આસાન હતો. જ્યાં અતિ હોય ત્યાં ત્યાગ ઝડપથી સંભવે છે. અતિ વૈભવ હોય કે અતિ દુર્ગુણ હોય. જ્યાં અભાવ છે ત્યાં ત્યાગ કષ્ટસાધ્ય છે.

એટલે જ્યારે કોઈ રાજ પરિવારની વ્યક્તિ હોદ્દો છોડે કે દરજ્જો છોડે કે સંપત્તિ છોડે ત્યારે આશ્ચર્ય ન થવું જોઈએ. આ એક સ્વાભાવિક પ્રક્રિયા છે. ક્યારેક તો જેની પાસે વૈભવ છે તે સામાન્ય જીવનને વધુ મજેદાર માનતા હોય છે. જેની પાસે જે નથી તે તેના માટે કીમતી છે. જાપાની રાજકુમારીની કથામાં મહત્ત્વની બાબત એ છે કે તે પોતાના પ્રેમી સાથે પરણવા માટે રોયલ સ્ટેટસ છોડવા તૈયાર થઈ છે. પ્રેમ માટે તે સામાન્ય જીવન સ્વીકારી રહી છે. પ્રેમમાં ત્યાગ બહુ સરળ બની જાય છે. પ્રેમીઓ માટે કશું જ ત્યાગવું અશક્ય નથી. આજે પણ પ્રેમીયુગલો સજોડે આત્મહત્યા કરી લેવાના બનાવો રોજ બનતા રહે છે. આપઘાત એ રસ્તો નથી, ઉપાય નથી એ જાણવા છતાં તેઓ આવું કરતા રહે છે, કારણ કે જીવનથી પણ મહત્ત્વની કોઈ વસ્તુ તેમને જડી ગઈ હોય છે. સૈનિકો સરહદ પર લડતાં લડતાં પોતાના મૃત્યુનું બલિદાન દઈ દે છે. તેઓ ધારે તો નાસીને જીવ બચાવી શકે, પણ તેઓ પીઠ ફેરવતા નથી. તેમના માટે જીવ કરતાં દેશભક્તિ વધુ મોટી હોય છે. જ્યારે માણસને જીવવા માટે વૈભવ, ધન, સંપત્તિ, પદ, પ્રતિષ્ઠા કરતાં મોટી કોઈ ચીજ મળી જાય છે ત્યારે તે આ બધું છોડી શકે છે. કોઈના માટે સેવા મોટી વસ્તુ બની જાય છે. કોઈના માટે સ્વને જાણવો મોટી બાબત બની જાય છે. કોઈના માટે ઈશ્વરપ્રાપ્તિ મોટી વસ્તુ બની જાય છે. કોઈના માટે ધર્મપ્રસાર મોટી ચીજ બની જાય છે. કોઈના માટે શાંતિ મોટી વસ્તુ બની જાય છે. આવા લોકો ત્યાગે છે પોતાની પાસે હોય તે. આંશિક ત્યાગ એ રસ્તો છે, સંપૂર્ણ ત્યાગ ધ્યેય છે. મંજિલ છે. આપણે ત્યાં સુભાષિત છે, 'તેન ત્યક્તેન ભુંજિથા' ત્યાગને ભોગવી જાણો. ત્યાગનો સંતોષ હંમેશાં ભોગના સંતોષ કરતાં મોટો હોય છે, પણ એ સમજવા માટે ભોગને સમજવો પડે, ભર્તૃહરિની જેમ. ■

છેલ્લો ઘા: 'સર્વ ધર્મેન પરિત્યજ્ય મામેકમ્ શરણમ્ વ્રજ'- બધું જ છોડીને માત્ર મારા શરણમાં આવ.

- શ્રીમદ ભગવદ્ગીતા

kana.bantva@dbcorp.in

'નાઇફ' પાર્ટ ટુ

નીલે ગગન કે તલે
મધુરાય

ફિલ્મ એટલે વાક્યે વાક્યે વાહ વાહ બોલાય તે નહીં

કેટલીક ફિલ્મો એવી હોય છે જે સમય, ભૂગોળ, ભાષા, રાજકાજ, સમાજ, ધર્મ બધાથી વેગળા, એક તીણી ટાંકણી બનીને મગજને ખરોંચે છે. માનસ મુકુલ પાલ લિખિત- દિગ્દર્શિત બંગાળી ફિલ્મ 'સહજ પાઠેર ગપ્પો' ('કલર્સ ઓફ ઇનસન્સ') ૪૬ મિનિટમાં દર્શકને દિગ્મૂઢ કરી દે છે. વિકરાળ ગરીબીમાં ઉછરતા બે ભાઈઓની આ વાત સત્યજિત રાયની ભીષણતા વિના અને વિત્તોરિયો દ' સિકાની તીક્ષ્ણતા વિના કહેવાઈ છે. યુવાન દિગ્દર્શકની આ પહેલી ફિલ્મ છે તે; જન્માષ્ટમીની ઉજવણીની આસપાસ વીંટેલી આ કથામાં બે હિન્દુ બાળકોની ભૂમિકા બે મુસ્લિમ અભિનેતાઓ કરે છે તે; બંને વસ્તુઓ દિલમાં ગરમાટો પેદા કરે છે. બીજાં પાત્રો સહજ તેમ જ કુદરતી છે, કિન્તુ નાના ભાઈની નિષ્પાપ અદાકારી તમને સપનામાં પણ સતાવે તેવી હૃદ્ય છે. 'જુઓ જુઓ કેવું કરુણ', એવું ક્રંદન નથી, 'જુઓ જુઓ કેટલું આર્ટી', એવી શેખી નથી. આ પાનામાં વાર્તા કહેવાની જગ્યા નથી કે જરૂર નથી. રોંગ સાઇડ રાજુના પીઠે ધબ્બો મારતા લહેરીપણામાંથી અચાનક તમે પુખ્ત બની જાઓ છો, શાણા થઈ જાઓ છો. બસ, તમે ગુજરાતી હોવ કે જર્મન કે જાપાની, ગમે ત્યાંથી ખોળીને આ ફિલ્મ જુઓ, સમય વસૂલ થશે. (ચિત્રમાં નાના ભાઈની ભૂમિકામાં નૂર ઈસ્લામ). સમી સાંજના શાંત વરસાદ જેવી એક બીજી પ્રશાંત હિન્દી ફિલ્મ જોઈ 'મુક્તિભવન' ('હોટેલ સાલ્વેશન'). પિતા-પુત્રના સંબંધની, પ્રૌઢ પ્રેમની, ધર્મશ્રદ્ધાની, જીવન અને દેહાંતની આ કથા પણ કશાય અભિનિવેશ રહિત (એટલે અનપ્રિટેશ્યસલી) રેવાલ ચાલે તમારી નજર બાંધી લે છે. લેખક-દિગ્દર્શક સુભાષ ભૂઈતિયાણીની પણ આ પહેલી ફિલ્મ છે. 'ફિલ્મ એટલે વાક્યે વાક્યે વાહ વાહ બોલાય તે નહીં; સીને સીને ક્લાઈમેક્સ આવે તે નહીં, પણ ફિલ્મ પોતાની આંગળીએ દોરીને તમને છેલ્લે સુધી નિર્બાધ લઈ જાય તે.' આ ધ્રુવવાક્યને આ બંને યશદાયી રીતે ફિલ્મો પુરવાર કરે છે. જીવનની સંધ્યાએ 77 વર્ષીય જિદ્દી દયાનંદભાઈ (લલિત બહલ) જીદ કરે છે કે હવે

અનુસંધાન છઠ્ઠા પાને